If you want to fly, We provide wings...

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 09

## સાંભર સરોવરમાં હજારો પક્ષીઓના મૃત્યુ



- ચર્ચામાં શા માટે ?
- પક્ષીઓ મૃત્યુ પામવાના કારણો :-
- સાંભર સરોવર વિશે :-
- ભારતીય પશુ-ચિકિત્સા સંશોધન સંસ્થા વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-09નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube ICE RAJKOT SUBSCRIBE માટે અહીં CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- નવેમ્બર મહિનાની શરૂઆતના સમયગાળા દરમિયાન રાજસ્થાનના સાંભર સરોવર તથા તેની આસપાસના વિસ્તારોમાં હજારો સ્થળાંતરિત પક્ષીઓ રહસ્યમય રીતે મૃત્યુ પામ્યાં હતાં.
- તાજેતરમાં ભારતીય પશુ-ચિકિત્સા સંશોધન સંસ્થા (IVRI-Indian Veterinary Research Institute) દ્વારા પક્ષીઓના આ સામૂહિક મૃત્યુ સંબંધિત કારણ રજૂ કરવામાં આવ્યું છે.

## પક્ષીઓ મૃત્યુ પામવાના કારણો :-

- IVRIના જણાવ્યાં અનુસાર Avian Botulism નામના રોગને કારણે હજારો પક્ષીઓ મૃત્યુ પામ્યા છે.
- Avian Botulism એ ચેતાતંત્ર તથા સ્નાયુઓને અસર કરતો રોગ છે, જેના માટે Botulinum નામનું કુદરતી ઝેર મુખ્ય કારણ છે.
- આ Botulinum નામનું ઝેર એ એક બેક્ટેરિયા દ્વારા બને છે. આ બેક્ટેરિયાનું નામ Clostridium Botulinum છે.
- આ બેક્ટેરિયા એ સામાન્ય રીતે જમીન, નદી કે દરિયાના પાણીમાં જોવા મળે છે, અને તે માણસ, પશુ અને પક્ષી એમ ત્રણેયને અસર કરી શકે છે.
- આ બેક્ટેરિયા દ્વારા આ પક્ષીઓની પાંખો તથા તેના પગમાં પેરાલિસીસ જેવી સ્થિતિ સર્જાઈ હતી, પરિણામે તેઓ મૃત્યુ પામ્યા હતાં.
- એક માહિતી અનુસાર Avian Botulism રોગના કારણે વિશ્વમાં દર વર્ષે આશરે 10 લાખ જેટલાં જળ-પક્ષીઓ મૃત્યુ પામે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સાંભર સરોવર વિશે :-

- સાંભર સરોવર એ જમીન વિસ્તારની અંદર હોય તેવું ભારતનું સૌથી મોટું ખારા પાણીનું સરોવર છે.
- આ સરોવર એ ચારે તરફથી અરવલ્લીની પર્વતમાળાઓથી ઘેરાયેલું છે. અજમેર તથા જયપુર એ આ સરોવરની નજીકના શહેરો છે.
- વર્ષ 1990માં સાંભર સરોવરને રામસાર વેટલેન્ડ (આર્દ્રભૂમિ)ની યાદીમાં સમાવવામાં આવ્યું હતું.
- સાંભર સરોવર એ ભારતમાં મીઠાંના ઉત્પાદનનું એક મુખ્ય કેન્દ્ર પણ છે.
- સાંભર સરોવર એ દર વર્ષે મોટી સંખ્યામાં સ્થળાંતર કરતાં પક્ષીઓને આકર્ષે છે. આ પક્ષીઓમાં ગુલાબી ફ્લેમિંગો અને જળકૂકડો મુખ્ય છે.
- આ ઉપરાંત સરોવરની આસપાસના જંગલ વિસ્તારોમાં નિલગાય, હરણ તથા શિયાળ જેવા પ્રાણીઓ પણ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય પશુ-ચિકિત્સા સંશોધન સંસ્થા વિશે :-

- પશુ-ચિકિત્સા તથા તેને સંબંધિત ક્ષેત્રો માટેની આ ભારતની પ્રમુખ તથા અદ્યતન સંશોધન સંસ્થા છે.
- આ સંસ્થાની સ્થાપના મૂળ રીતે વર્ષ 1889માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લાના ઈજ્જત નગર શહેરમાં આવેલી છે.
- આ સંસ્થાનું વહિવટી સંચાલન ભારતીય કૃષિ સંશોધન પરિષદ IVRI-Indian Veterinary Research Institute) દ્વારા કરવામાં આવે છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT